જન્મદિને વધામણી

પોપટલાલ એસ પ્રજાપતિ
મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫

જયેશ ટન્ના
આસિ. પ્રોફેસર
બીબીએ કોલેજ, ગાંધીનગર
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦

ભાવના વ્યાસ
ભાવના એડ એજન્સી
મો. ૯૮૨૫૦ ૩૯૦૨૪

ભાનુકાન્ત પી પરમાર
પ્રમુખ, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગર
ફોન : ૨૩૨૨૩૩૬૪

ભારતીબેન જોષી

વાકિદ
મોહસીનભાઈ મનસુરી

ગાંધીનગરની પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના

સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સનું દિલ્હીમાં સન્માન

ગાંધીનગર, તા. ૩૧

ન્યૂ દિલ્હી ખાતે ભારત સરકારના ગૃહમંત્રાલય દ્વારા આયોજિત સ્ટુડન્ટ પોલીસ કેડેટ રાષ્ટ્રીય સન્માન સમારોહમાં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટર પ્રવીણ વાલેરાને ફરજ પરના અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા અને શિક્ષક વિજયકુમાર રાવલ પણ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે શાળામાં જોડાયા હતા.

કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહ, હરિયાના મુખ્યમંત્રી મનોહરલાલ, રાજસ્થાનનાં મુખ્યમંત્રી વસુંધરા દેવી ઉપસ્થિત રહ્યાં હતાં અને પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના સ્ટુડન્ટ પોલીસ કેડેટના વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીકાળમાં જ વિદ્યાર્થીઓને પોલીસ કર્મચારી કેવી રીતે સમાજ માટે કાર્ય કરે છે તે શીખવવાનો છે. વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સમાજ, રાજ્ય, દેશ માટે પોતાનામાં નૈતકતાના ગુણો વિકસાવે અને સમાજ તથા રાષ્ટ્ર માટે અત્યારથી જ કાર્યરત થાય તેવી પ્રેરણા મેળવે અને તે માટે અત્યારથી જ કાર્યરત થાય તેવા હેતુસર શાળામાં ફરજિયાતરૂપે ધોરણ-૮, ૯ના વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની ટ્રેનિંગ આપવામાં આવે છે. દેશના ગૃહમંત્રીએ વિદ્યાર્થીઓની મોક ડ્રીલથી પ્રભાવિત થઈને તેમના નિવાસસ્થાને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું હતું.

શ્રી જે બી પ્રાથમિક શાળામાં વાલીઓ માટે મીટિંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાલીઓ સાથે શિક્ષકોએ બાળકોના વિકાસ અંગે વ્યક્તિગત ચર્ચા કરી હતી. આચાર્ય નીવાબેન પટેલ અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપી સુધારો થાય તે માટે શિક્ષકમિત્રો અને વાલીમિત્રો સાથે તેમના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી. વર્ગશિક્ષકોએ તમામ વિષયોમાં કેવી રીતે તૈયારી કરવી ઉપરાંત વિષયોના મહત્ત્વ વિશે, પરીક્ષાલક્ષી શિસ્ત, નિયમિતતા અને સારા સંસ્કારોનું ઘડતર થાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાલીઓએ પણ શાળાના શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા.

આદર્શ નિવાસી શાળામાં માર્ગ સલામતી કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૧

આદર્શ નિવાસી શાળા (અજા કન્યા), સેક્ટર-૮ ખાતે માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત આરટીઓ કચેરી ગાંધીનગર દ્વારા રોડ સેફ્ટી પ્રોજેક્ટ અંતર્ગત વાહન ચલાવતી વખતે યોગ્ય ચિહ્નોની માહિતી તથા લાઈસન્સ કેવી રીતે કઢાવવું, અકસ્માતો કેવી રીતે ઘટાડવું વગેરે માહિતી સાથે ટ્રાફિકના નિયમો બાબતની માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને વિડીયો ફિલ્મના માધ્યમથી આપવામાં આવી હતી.

ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ કલા મહાકુંભની સ્પર્ધાઓમાં ઝળકી

ગરબા, ભરતનાટ્યમ, સમૂહગીત અને લગ્નગીત, રાજસ્થાની લોકનૃત્યમાં પ્રથમ ક્રમ મેળવ્યો

ગાંધીનગર, તા. ૩૧

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેક્ટર-૭ ખાતે કલા મહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ગરબા, ભરતનાટ્યમ, સમૂહગીત અને લગ્નગીત, રાજસ્થાની લોકનૃત્યમાં શાળાની વિદ્યાર્થિનીઓએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. વિદ્યાર્થિનીઓને તાલીમ આપનારાં શિક્ષક હેતલબેન દેસાઈ, ઊર્મિલાબેન ચૌધરી, રમીલાબેન જે ચૌધરી, રંમીલાબેન એમ ચૌધરી, કોકિલાબેન ગોહિલ, નેહાબેન ગોહિલ, જયશ્રીબેન ચૌધરી અને સરોજબેન દેસાઈને શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સ્મિત મ્યુઝિક દ્વારા પાર્શ્વગાયક મહંમદ રફીની પુણ્યતિથિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૩૧

હિન્દી ફિલ્મ જગતના સુપ્રસિદ્ધ પાર્શ્વગાયક મહંમદ રફીની પુણ્યતિથિ ૩૧મી જુલાઈએ છે. એમને સ્વરાંજલિ અર્પવાનો કાર્યક્રમ રવિવારે સ્મિત મ્યુઝિક દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

'ઓ જાનેવાલે હો સકે તો લૌટ કે આના...' જેવી ધૂન સાથે સ્વ. રફીની તસવીરને પુષ્પ અર્પણ કરી એમની યાદમાં માત્ર રફીનાં ગીતોના કાર્યક્રમનો દીપ પ્રાગટ્યથી પ્રારંભ સ્મિત મ્યુઝિકના ભરત ગજ્જર-જ્યોતિ ગજ્જર અને વિશેષ આમંત્રિત સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું. મહંમદ રફીના યાદગાર પ્રસંગો સાથે એમનાં સદાબહાર ગીતોની પ્રસ્તુતિ ખુશાલ પંચાલ, પ્રણવ પરમાર, હિમાંશુ પુરોહિત, રીના પુરોહિત, સતુભા રાઠોડ, મુસ્કાન મનસુરી, રિયાઝ મનસુરી, જયમાલિની પટેલ, ભરત ગજ્જર, જ્યોતિ ગજ્જર દ્વારા કરવામાં આવી હતી.

'ચૌદહ્વી કા ચાંદ હો.... ચાહુંગા મૈં તુજે સાંજ સવેરે... ક્યા હુઆ તેરા વાદા... બહારોં ફૂલ બરસાઓ....' જેવા સદાય સાંભળવા ગમે એવાં ગીતો કરાઓકે સાઉન્ડ ટ્રેક પર પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં.

સ્કૂલ ઑફ અચીવર ખાતે ગુરુપૂર્ણિમાની વિશિષ્ટ ઉજવણી

ગાંધીનગર, તા. ૩૧

સ્કૂલ ઑફ અચિવર દ્વારા પ્રતિવર્ષની જેમ વિશિષ્ટ શૈલીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

શ્લોકગાનથી પ્રારંભ કરી ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં તમામ શિક્ષકોનું વિદ્યાર્થીઓએ કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ પ્રદાન કરી પૂજન-વંદન કર્યું હતું. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા. હાઉસ પ્રમાણે ગુરુમહિમાનાં પદો-ભજનો-ગીતોની રજૂઆત થઈ હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને પોતાના કાર્યક્ષેત્રમાં શ્રેષ્ઠતા આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. ગુરુ-શિષ્યના સંબંધને ઊંચાઈ બક્ષતાં સ્કીટ, નૃત્ય વગેરે રજૂ થયાં હતાં. વિદ્યાર્થીઓએ ગુરુ અંગે આદરભાવનાયુક્ત વિચારો રજૂ કર્યા હતા.

અંગ્રેજી માધ્યમના સમગ્ર કાર્યક્રમનું વિદ્યાર્થીઓ દ્વારા સુચારુ સંચાલન થયું હતું.

સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજમાં

"ફિટીકલ થિકિંગ અને આર્ગ્યુમેંટેશન" વિષયે વર્કશોપ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૩૧

એમ.પી.શાહ. એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. ચિરાગ ધંધુકિયા, પ્રો.મિલન કડીકર અને પ્રો.સનોબર શેખના પ્રયત્નથી પાંચ દિવસના વર્કશોપ "કીટીકલ થિકિંગ અને આર્ગ્યુમેન્ટેશન" પર મિલન પંડ્યાએ જુદી જુદી પ્રવૃતિ દ્વારા વિદ્યાર્થીઓમાં સુંદર રજુઆત કરી હતી. કાર્યક્રમનુ ઉદ્ઘાટન સંસ્થાના સેક્રેટરી નલિનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતુ. જ્યારે કાર્યક્રમના પ્રેરકબળ એવા સંસ્થાના આચાર્ય ડૉ. જી. ડી. ત્રિપાઠીએ પ્રાસંગિક પ્રેરક પ્રવચન આપ્યું અને સમગ્ર વર્કશોપનું સફળ આયોજન કર્યું હતું.

જે બી પ્રાથમિક શાળામાં 'ઓ યાર' દ્વારા સંસ્કારવર્ધક સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત 'સર્વ નેતૃત્વ' કાર્યક્રમમાંથી પ્રેરણા લઈને યુવાનો દ્વારા સમાજને ઉપયોગી કાર્યો થઈ રહ્યા છે ત્યારે યુવાનોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો અર્થે ઓ... યાર (અવર યુથ અવર રિસ્પોન્સિબિલિટી) ગ્રૂપ દ્વારા તાજેતરમાં એક સુંદર સંસ્કારવર્ધક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે બી પ્રાથમિક શાળાના ૧ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આવનારી પેઢીને માર્ગદર્શન આપવાનું કાર્ય આ સેમિનારના માધ્યમથી કરવામાં આવ્યું હતું. યશદીપસિંહ રાઠોડ, વિશાલ પટેલ, ડિમ્પલ પટેલ અને પ્રાચી ગોલ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને વ્યસનમુક્તિ, ડર કે આગે જીત હૈ, રિસ્પેક્ટ ઑફ ગર્લ, ટાઈમ મેનેજમેન્ટ જેવા વિષયો દ્વારા નવી ચેતના લાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઓ...યાર ગ્રૂપના સભ્યો, લીડર અને સંયોજકોને આ સુંદર આયોજન બદલ આચાર્ય નીવાબેન પટેલ અને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સ્કૂલ ઓફ અચિવરમાં ઓરી-રૂબેલા રસીકરણ

ગુજરાતમાં રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ તથા વિશ્વ આરોગ્ય સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ઓરી - રૂબેલા ને નાથવા રસીકરણનું અભિયાન ચરમસીમાએ છે, ત્યારે સ્કૂલ ઓફ અચિવર, કુડાસણના પ્રાંગણમાં રસીકરણનો કાર્યક્રમ મંગળવારે સફળતાપૂર્વક સંપન્ન થયો. ૧૫ જેટલા વેક્સીનેશન સ્લોટ અને ૫ ટાઈમ સ્લોટમાં વહેંચાયેલા આ કાર્યક્રમને સફળતા અપાવવા સ્કૂલના શિક્ષકોએ અને કર્મચારીઓએ પુષ્કળ જહેમત ઊઠાવી હતી, તો તાલુકા આરોગ્ય અધિકારી અને મેડિકલ ઓફિસર, સુઘડ દ્વારા સુંદર માર્ગદર્શન સાંપડ્યું હતું. વાલીઓએ પણ બાળકોને લઈ પુષ્કફ સંખ્યામાં હાજર રહી જાગરૂકતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આચાર્ય તથા સ્કૂલ મેનેજમેન્ટે સૌ વાલીઓને સાભિનંદન પાઠવ્યા હતા.

બેતાલીસ લેઉવા પાટીદાર મંડળ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માન અપાયું

ગાંધીનગર, તા. ૩૧

બેતાલીસ લેઉવા પાટીદાર મંડળ, ગાંધીનગર દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને યથેચ્છ સન્માન કરવા માટેનો ૧૯મો ઇનામ વિતરણ સમારોહ સુખડેશ્વર મહાદેવ મંદિર પરિસર, પેથાપુર ખાતે યોજવામાં આવ્યો હતો.

જુનિયર કેજીથી ધોરણ-૧૨ તેમજ ગ્રેજ્યુએશન કક્ષા સુધીના પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્થાન મેળવનાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ અંતર્ગત સન્માનિત કરવામાં આવ્યા હતા.

પાટણ વિસ્તારના ધારાસભ્ય ડૉ. કે સી પટેલ અને ઊંઝા વિસ્તારના ધારાસભ્ય આશાબેન પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ, ગાંધીનગરના નવા હોદ્દેદારોની વરણી પણ આ પ્રસંગે કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે રામજીભાઈ કે પટેલ, ઉપપ્રમુખ વિપુલભાઈ આર પટેલ, મંત્રી પ્રદીપભાઈ બી પટેલ, ખજાનચી તરીકે અરવિંદભાઈ પી પટેલ અને સહમંત્રી તરીકે અમથાભાઈ ટી પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા

સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન યુવા ઉત્સવ-૨૦૧૮નું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય યુવા ઉત્સવ ૨૦૧૮-૧૯નું આયોજન કરાયું છે. રાજ્યભરમાં ચાર ઝોનમાં સપ્ટેમ્બરથી ડિસેમ્બર-૨૦૧૮ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ યોજાશે.

ઉત્તર, દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર ઝોનમાં યોજાનાર સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક વિભાગની વિવિધ સ્પર્ધાઓમાં ૧૫ થી ૨૯ વર્ષની વય મર્યાદા ધરાવતા વિદ્યાર્થીઓ કે બિન વિદ્યાર્થી કોઈપણ યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. જેમાં ૧૫ થી ૨૦ વર્ષ સુધી 'અ' વિભાગ, ૨૦ થી વર્ષથી ઉપરના અને ૨૯ વર્ષ સુધીના યુવાનો માટે 'બ' વિભાગ તથા ૧૫ થી ૨૯ વર્ષ સુધીના યુવાનો માટે ખુલ્લો વિભાગ હેઠળ વિવિધ સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધાઓમાં પ્રાથમિક શાળાઓ , માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજ, યુનિવર્સિટીઓ, જુદી જુદી તાલીમી સંસ્થાઓ, સાંસ્કૃતિક કલા સંસ્થાઓ કે વ્યક્તિગત રીતે પણ યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છતી વ્યક્તિઓએ કે સંસ્થાઓએ નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ધોરણ-૩,૪ના ૪૯૦ જેટલા વિદ્યાર્થીઓ માટે પોસ્ટ ઑફિસ, ઐતિહાસિક સ્થળ અડાલજની વાવ, વૈષ્ણોદેવી મંદિર અને ત્રિમંદિરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિમંદિર ખાતે બાળકોએ જીવનનાં મૂલ્યો અને શૈક્ષણિક જ્ઞાન આપતી ફિલ્મ અને પ્રદર્શન નિહાળી આનંદ સાથે જીવનોપયોગી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

શારદા વિદ્યાલય - ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સમાં ગુરુવંદના અને વૃક્ષારોપણ

રાજ શિક્ષણ સંકુલમાં કાર્યરત શારદા વિદ્યાલય, ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સમાં ગુરુવંદના તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ તરીકે શિક્ષણ વિભાગના જોઈન્ટ ડિરેક્ટર દેસાઈ સાહેબ, ગાંધીનગરના પૂર્વ નાયબ કલેક્ટર ગોવિંદભાઈ નાયી, બી એસ ઠક્કર, ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સના ચેરમેન બાબુભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર એ કે રાઠોડ અને ડિરેક્ટર એસ જી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.